"અરે..! ખરૂ થયું નહિં..! વરસાદ તો હાથતાળી આપીને જતો રહ્યો તે જતો જ રહ્યો..! અને બફારો બોનસમાં..!!"

"હા..! બધી આગાહીઓ અને ચેતવણીઓનું સુરસુરીયુ થઈ ગયુ..!! દર વખતની જેમ..!"

"હોય..! કુદરતની લીલા છે..!! કોઈ પામી શક્યું નથી..! કોઈ માપી શક્યું નથી..! હા વધુમાં વધુ એંધાણ આપી શકે..! અણસાર આપી શકે..! પણ સર્વોચ્ચ તો એ જ છે ને..!?!"

"હા...હા..! બિલકુલ સાચી વાત છે..! કાળા માથાના માણસને પહોંચી નથી શકાતું તો કુદરતની તો વાત જ ક્યાં..!?! ક્યાં ?! શું !! કેવું..?! કેટલું બોલવું..?! કેમ રહેવું..?! આ બધા પ્રશ્નો ઢગલાબંધ છે..! પણ છતાંય સમાધાનો કરતાં કરતાં સૌ જીવે છે..!!"

"સાહેબ..! આ તો મજબુરીનું નામ મહાત્મા છે..! બાકી તો માણસ માણસ વચ્ચે ઈર્ષ્યાની આગ..! સ્પર્ધા અપરંપાર..! પાડવા-પછાડવાની વૃત્તિનો વિકરાળ ભાવ વિગેરે વિગેરે..!"

"ઓ હો..! આપ તો ફરીથી ફીલોસોફીના પાઠ ભણાવવા માંડ્યા..?!"

"આ કોઈ ફીલોસોફીની વાત જ નથી..! કડવી વાસ્તવિકતા છે..! જેવું રાજકારણમાં તેવું સમાજકારણમાં..! અને એવું સાર્વત્રિક થતું જાય છે..!!"

"અલ્યા ભઈ..! શું નડ્યું તમને રાજકારણ આમાં..?! વાતે વાતે રાજકારણ... રાજકારણ... રાજકારણ.. રાજકારણ..!!"

"સાહેબ..! આ બધો ગંદવાડ જ ઉપરથી આવે છે..! રાજકારણ એટલે એક જ વાક્યમાં જો હું કહું તો ગરીબોના કલ્યાણની વાતો કરતાં કરતાં શ્રીમંત બનવાની તરકીબ એટલે રાજકારણ..!"

"ઓ હો...હો..!! ખુબ ચિંતન કરી રહ્યા લાગો છો..!?! બધાને ઓળખો છો કે બધાને ઓળખી ગયા છો..!?!"

"સાચું કહું..?! ઓળખાવું બધાને ગમે છે..! પણ કોઈ ઓળખી જાય એ કોઈને ગમતું નથી..! દંભ-દેખાડા-જુઠ્ઠાણા-વિશ્વાસઘાત-દગા-ફટકા-સ્વાર્થ-લાલસા..! આ બધા શબ્દો જ રાજકારણના લીધે પ્રચલિત થયા છે..! એ શિખ્યા ને બધાને શીખવાડ્યું..!! અને માણસ-માણસના ટ્રેક પરથી ઉતરી રહ્યો છે..!"

"એવું ના હોય ભાઈ..! બહુ નિરાશ ના થઈ જાઓ..! આપણે આટલું બધું રાજકારણને મહત્વ કેમ આપીએ છીએ..?! કેમ આપણા જીવન પર આટલા છવાયેલા છે રાજકારણીઓ..?! છોડી દો... જે રીત-ભાત નથી ગમતી એની ચર્ચા શું કરવા..?! આપણા દાદીમા કહેતા'ને "જે ગામ જવું નથી, તે ગામનું નામ શું કામ લેવું..!?!"

"સાહેબ... એમ છોડે-છોડાય એવું નથી..?! અને આપણે છોડીએ પણ એ છોડે તેમ નથી..! પણ એક વાત આપની ગમી, કે એમની સાથે થોડું અંતર રાખીને..! એમનો મહિમા ગાન સમાજમાં ઓછો કરવો જોઈએ..!! થોડાક માપમાં તો લાવવા જ પડે..!!"

"હા... સાહેબ..! પણ રામબાણ ઈલાજ તો એ છે, સજ્જનોને રાજકારણ માટે સક્રીય બનાવવા પડે..! તો આ પ્રભાવને ઘટાડી શકાય..!"

"પણ ખાટલે ખોડ જ એ છે..! આજની સ્થિતિ માટે કોઈપણ જવાબદાર હોય તો... દુર્જનોની સક્રિયતા કરતાં... સજ્જનોની નિષ્ક્રિયતા વધારે જવાબદાર છે..!!"

"હા... સાહેબ...હા..!!"

સરેઆમ ભંગ - કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સુપ્રીમ કોર્ટની કડક સુચનાઓ અને માધ્યમોમાં વારંવાર પ્રગટ થતાં અહેવાલોને ઘોળીને પી જતું સફાઈ તંત્ર હજુ પણ જાહેરમાં કચરો સળગાવવાની કુટેવ ભૂલતું નથી... વારંવાર અખબારોમાં તસવીરો છપાતી હોવા છતાં આમ જ બન્યા કરે છે... પ્રદૂષણની માત્રાઓ ઘટાડવા એક તરફ સરકારના કેટલાય વિભાગો પ્રામાણિક પ્રયાસ કરે છે ત્યારે સફાઈ તંત્ર એ પ્રયાસો પર પાણી ફેરવે છે...

નવા સચિવાલયના વિવિધ બ્લોકનુ ૧૦ કરોડના ખર્ચે રીનોવેશ કરાશે

વિવિધ બ્લોકના ફ્લોર રીનોવેશનના અંતે નવુ ફર્નિચર પણ ફીટ કરાશે

ગાંધીનગર તા ૨૭

રાજયના સમગ્ર વહીવટનો દારી સંચાર જયાંથી થાય છે તેવા નવા સચિવાલય સંકુલના વિવિધ બ્લોકમાં તબક્કાવાર રીનોવેશનનુ કામ હાથ ધરાશે. જરૂર મુજબ ફલોરના નવિનીકરણની કામગીરી અન્વયે ફર્નિચર પણ નવુ તૈયાર કરી દેવાયુ છે. જયારે સચિવાલયના બ્લાકે રીનોવેશનની કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

નવા સચિવાલયના વિવિધ બ્લોકમાં સ્થિતિ મજલાઓને ધ્યાને લઈ રીનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવશે. જેમાં સચિવાલયના વિવિધ બ્લોકમાં જુદા જુદા માળે રીનોવેશનની કામગીરી હાથ ધરાશે. નવા સચિવાલયની તમામ કેન્ટીનને અનુલક્ષી રેસ્ટોરન્ટ પ્રકારનો લુક આપવા માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જેમાં સચિવાલય સંકુલની પાંચ જેટલી કેન્ટીનનો સમાવેશ થાય છે.જયારે કેન્ટીન ઉપરાંત વિવિધ માળનો પણ લુક બદલાશે. જેમાં સચિવાલયના બ્લોક નં-૮ થી ૧૪ માં વિવિધ ફલોર પર તબક્કાવાર રીનોવેશન કામગીરી હાથ ધરાશે.

આ કામગીરીને અનુલક્ષીને રૂ ૧૦ કરોડનો ખર્ચ થશે. જયારે આ કામગીરી અન્વયે સચિવાલયના બ્લોકમાં સ્થિત ટોઈલેટ બ્લોકનુ પણ રીનોવેશન કરાશે. સચિવાલયની કેન્ટીનનુ પણ એક દાયકાથી વધુ સમયના અંતે રીનોવેશન કરવામાં આવી રહયુ છે. જયારે વિધાનસભા બિલ્ડીંગના નવિનીકરણ બાદ હવે નવા સચિવાલયના વિવિધ બ્લોકને પણ રીનોવેશન આવરી લેવામાં આવશે. સચિવાલયના વિવિધ બ્લોકમાં ધમધમતી અનેકવિધ કચેરીઓ માટે અદ્યતન ફર્નિચર પણ તૈયાર કરી દેવામાં આવ્યુ છે. જયારે ફર્નિચર સાથે જુદા જુદા ફલોરને વધુ કોપીરેટ લુક અપાશે.

સે-૨૦ અને ૯ માં 'જ' અને 'છ' કક્ષાના ૧૯૨ સરકારી મકાનો તોડવામાં આવશે

નવા આવાસો બાંધવા માટે જગ્યા ખુલ્લી કરાશે : જુના કંગાળ અને જોખમી આવાસો તોડવા માટે તબક્કાવાર આયોજન

ગાંધીનગર તા ૨૭

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો તોડીને નવા આવાસો બાંધવાનુ કામ હાથ ધરાયુ છે. વર્ષોથી જાળવણીના અભાવે ખંડેર બનેલા આવાસો તબક્કાવાર તોડવામાં આવી રહયા છે. સેકટરોમાં જુના અને ખંડેર સરકારી આવાસોનો કડુસલો બોલાવીને નવા કાર્પોરેટ લુક ધરાવતા આવાસો બાંધવામાં આવી રહયા છે. ત્યારે વર્ષો જુના આવાસોનો પણ નિકાલ કરવામાં આવી રહયો છે. સે-૨૦ અને સે-૯ માં જ , જ-૨ અને છ કક્ષાના સરકારી આવાસો તોડવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. આ બન્ને સેકટરોમાં ૧૯૨ જેટલા આવાસોનો નિકાલ કરવામાં આવશે. ટુંકમાં જ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી મકાનો તોડવાનુ કામ હાથ ધરાશે.

શહેરમાં વર્ષો જુના સરકારી આવાસો તોડવા માટે તબક્કાવાર મંજુરી આપવામાં આવે છે.શહેરમાં સ્થિત અંદાજિત ૧૬ હજાર જટેલા સરકારી આવાસો પૈકી રહેણાંકની દ્રષ્ટીએ મોટાભાગના બિનઉપયોગી હોવાનુ સ્પષ્ટ થયુ છે. જયારે આ ભયજનક મકાનો તોડીને નવા મકાનો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવી રહયુ છે. અગાઉ સે-૭ અને સે-૨૯ તેમજ સે-૩૦ માં નવા મકાનો બાંધવામાં આવી રહયા છે. જયારે હજુ પણ સેકટરોમાં નવા મકાનો બાંધવા માટે આયોજન કરવામાં આવી રહયુ છે. બીજીતરફ નવા મકાનો બાંધવા માટે પણ ખાલી જગ્યાનો સર્વે હાથ ધરી પ્રેઝન્ટેશન પણ કરી દેવાયુ છે. ત્યારે સેકટરોમાં હજુ વર્ષો જુના પણ સરકારી મકાનો તોડવા માટે કામ હાથ ધરાશે. જેમાં સે-૨૦ અને સે-૯ માં કુલ ૧૯૨ જેટલા મકાનો તોડવા માટે તંત્ર દ્વારા આયોજન કરી દેવાયુ છે. સે-૨૦ માં જ-૨ કક્ષાના ૩૬ મકાનો તોડવાનુ કામ ચાલુ કરી દેવાયુ છે. જયારે આ ઉપરાંત સે- ૯ માં જ અને જ-૨ તેમજ છ કક્ષાના ૧૨૦ મકાનો તોડવા માટે વિભાગ કક્ષાએથી મંજુરી આપી દેવામાં આવી છે. આગામી દિવસોમાં આ મકાનો તોડવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી કામગીરી હાથ ધરાશે. જયારે સે -૨૦ માં અન્ય ૩૬ મકાનો તોડવા માટે પણ કામ હાથ ધરાશે. નવા મકાનો બાંધવાની સાથે તબક્કાવાર જુના મકાનો તોડવાનુ કામ પણ તેજ ગતિએ હાથ ધરવામાં આવી રહયુ છે. જયારે આગામી દિવસોમાં નવા મકાનો બાંધવા માટે પણ અયોજન આખરી કરાશે.

જિલ્લામાં ડિપોઝીટ વધી પણ ધિરાણમાં ઘટાડો નોંધાયો

જિલ્લામાં બેંકોની ડિપોઝીટમાં રૂ. ૨૦૬૯ કરોડના વધારા છતાં ધિરાણમાં રૂ. ૪૪૩ કરોડના નોંધાયેલા ઘટાડાને પગલે જિલ્લાનો ક્રેડિટ ડિપોઝીટ રેસિયો ઘટવા પામ્યો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં બેંકોની ડિપોઝીટમાં રૂ. ૨૦૬૯ કરોડના વધારા છતાં ધિરાણમાં રૂ. ૪૪૩ કરોડના નોંધાયેલા ઘટાડાને પગલે જિલ્લાનો ક્રેડિટ ડિપોઝીટ રેસિયો ઘટવા પામ્યો છે. ડિસે. ૧૭ પછીના અંતિમ ત્રિમાસિક ગાળામાં આ ઘટાડો ૬ ટકા જેટલો નોંધાયો છે.

ગાંધીનગર જિલ્લાના બેંકર્સ અને જિલ્લા તંત્રની ગઈકાલે મળેલ બેઠકમાં આ અંગે ખુબજ વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે એમએસએમઈ સેક્ટરના ધિરાણમાં ૯૫ કરોડનો ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત અગ્રતા ધરાવતા ક્ષેત્રોના ધિરાણમાં પણ ગત વર્ષની તુલનામાં ૬ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે.

મળતી વિગતો પ્રમાણે બેંકોમાં કોર્પોરેટ એકાઉન્ટસ્‌માં જોવા મળતી વધ-ઘટની અસરો સી.ડી. રેસિયા પર પડતી હોવાની સ્પષ્ટતાઓ બેંકર્સ દ્વારા ખુલાસામાં રજુ કરાઈ હતી.

ગરીબલક્ષી યોજનામાં ધિરાણ વધુ કરવા માટે જિલ્લા તંત્ર દ્વારા આગ્રહ રાખવામાં આવ્યો હતો. આ ક્ષેત્રમાં કુલ ધિરાણના માત્ર ૧૧ ટકા જેટલુ જ ધિરાણ થયુ હોવાથી જિલ્લાના અધિકારીઓએ નારાજગી વ્યક્ત કરી હતી. ઉદ્યોગકેન્દ્ર તેમજ અન્ય કલ્યાણકારી યોજનાઓમાં ધિરાણની ભલામણ જે કરાય છે તેમાં બેંકોને નકારાત્મક વલણ છોડવાનો પણ આગ્રહ કરાયો હતો.

પ્રાથમિક અગ્રતા ધરાવતા ક્ષેત્રોમાં લક્ષ્યાંકની સામે ૭૩ ટકા જ સિદ્ધિ થઈ છે તે સામે આશ્ચર્ય વ્યક્ત કરાયુ હતુ. જો કે બેંકો દ્વારા હાઉસીંગ પ્રમોશનમાં ૧૧૩ ટકા લક્ષ્યાંક સિદ્ધિ અંગે સંતોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

બેંકર્સને આગામી દિવસોમાં ખેડૂતોને વધુ ધિરાણ સરળતાથી પ્રાપ્ત થાય તે માટે આગ્રહ કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં નાબાર્ડના અધિકારીઓ, રિઝર્વ બેંકના અધિકારીઓ, ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, જિલ્લાતંત્રના અધિકારીઓ તેમજ વિવિધ બેંકના અધિકારીઓ અને દેનાબેંકના ઝોનલ મેનેજર ઉપાધ્યાય હાજર રહ્યા હતા.

જાપાન-ગ્રીસના એમ્બેસેડર અને ટાન્ઝાનિયાના નિયુક્ત હાઈકમિશ્નર જિલ્લાની મુલાકાતે

ધારીસણામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની કામગીરી ઉપરાંત નદી પુનઃ જીવીત કરવાની કામગીરી નિહાળી

ગાંધીનગર, તા. ૨૭

જાપાન, ગ્રીસ ખાતે નિયુક્ત એમ્બેસેડર્સ તેમજ ટાન્ઝાનિયાના નિયુક્ત હાઈકમિશ્નરનું બનેલ એક ઉચ્ચસ્તરીય પ્રધિનિધિમંડળ ગાંધીનગર જિલ્લાની મુલાકાત લીધી હતી.

આ પ્રતિનિધિ મંડળે આજે દહેગામ તાલુકાના ધારીસણા ગામે પ્રધાનમંત્રી આવાસ યોજનાના ચાલી રહેલા કામ તેમજ પૂર્ણ થયેલ આવાસો નિહાળ્યા હતા.

આ ઉપરાંત નદીઓ પુનઃ જીવીત કરવાના છેડાયેલા અભિયાન અંતર્ગત થયેલ કામગીરીને પણ નિહાળી હતી અને જિલ્લામાં કલ્યાણકારી યોજનાઓની જાણકારી મેળવી હતી.

આ પ્રતિનિધિમંડળે ગ્રામવાસીઓ સાથે અને ખાસ કરીને પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ સાથે પણ ટુંકી વાતચીત કરી હતી.

આ પ્રતિનિધિમંડળની સાથે ગ્રામ વિકાસ કમિશ્નર મોના ખંધાર, અધિક વિકાસ કમિશ્નર ખખ્ખર, જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બ્રહ્મભટ્ટ તેમજ જિલ્લાના અધિકારીઓ જોડાયા હતા.

આ પ્રતિનિધિમંડળે ગાંધીનગર ખાતે લાઈવલી હુડ મિશનના અધિકારીઓ સાથે પણ એકાદ કલાક જેટલો પરામર્શ કરી મિશનની વિવિધ કામગીરી અંગેની વિગતો મેળવી હતી.

આરસોડિયા અને અંબાપુરમાં પાણીજન્ય રોગચાળો વકર્યો

આરોગ્યતંત્ર દોડ્યુ : આરસોડિયામાં દુષિત પાણી વધુ જવાબદાર હોવાનું પ્રાથમિક તારણ : અંબાપુરમાં ઝાડા-ઉલ્ટીનું ચોક્કસ કારણ જાણવા મળતુ નથી : પંચાયત પ્રમુખ, કારોબારી ચેરમેન તેમજ ભાવિનસિંહ ઠાકોર, બેચરજી ઠાકોરે પણ બે ગામના અસરગ્રસ્તોની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર તાલુકાના અંબાપુર અને કલોલ તાલુકાના આરસોડિયા ગામે પાણીજન્ય રોગચાળાએ માથુ ઉંચકતાં જિલ્લાનું આરોગ્યતંત્ર દોડતુ થયુ છે.

આ બે ગામોની આજે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન ચૌધરી, કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકી, જિલ્લા પંચાયતના સદસ્યો બેચરજી ઠાકોર અને ભાવિનસિંહ ઠાકોરે પણ મુલાકાત લીધી હતી. તેમજ ગ્રામજનોને સાંભળ્યા હતા.

ગાંધીનગર તાલુકાના અંબાપુર ગામે છેલ્લા ચારેક દિવસમાં ઝાડા-ઉલ્ટીના ૩૫ જેટલા કેસ નોંધાયા છે. જો કે આ કેસો થવા પાછળનું કોઈ ચોક્કસ કારણ જાણવા મળી શક્યુ નથી.

મળતી વિગતો પ્રમાણે આરોગ્યની ટીમ દ્વારા ગામમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. ગઈકાલે બે કેસ મળ્યા હતા જ્યારે આજે નવા કેસ નહિ મળ્યાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે તંત્રની તપાસ દરમ્યાન ક્લોરીનેશન ટેસ્ટ પાણીનો નેગેટીવ આવતાં આરોગ્યતંત્રએ પંચાયત સત્તાવાળાઓને આ મુદ્દે તાકીદ કરી ક્લોરીનેશનનું પ્રમાણ વધારવા જણાવાયુ હતુ. આ ઉપરાંત પાણી પુરી ખાવાથી પણ ઝાડા-ઉલ્ટીના કેસો નોંધાયા હોવાની હકીકત સામે આવી હોવાનું પણ કહેવાય છે. તેમજ તાજેતરમાં ગામના એક યુવાનનો વિકૃત મૃતદેહ જે કેનાલમાંથી મળ્યો હતો તેને કારણે પણ થોડાક કેસ મળ્યા હોવાનું પણ મનાઈ રહ્યું છે.

જો કે આરોગ્યતંત્રના સર્વેલન્સમાં કોઈ લીકેજીસ મળ્યા નથી. ગામમાં પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું ગામના આગેવાનોએ પંચાયતના પદાધિકારીઓની મુલાકાત દરમ્યાન જણાવાયુ હતુ.

દરમ્યાન કલોલ તાલુકાના આરસોડિયા ગામે ગઈકાલે મળી આવેલા કમળાના ૧૨ કેસ બાદ આજે વધુ પાંચ કેસ મળી આવતાં જિલ્લા આરોગ્યતંત્ર ત્યાં દોડ્યુ હતુ.

જિલ્લા પંચાયત પ્રમુખશ્રીના નેતૃત્વમાં પંચાયતના પદાધિકારીઓની ટીમે પણ ત્યાં મુલાકાત લીધી હતી.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં આગામી તા ૨ જુલાઈથી દિયા હોપ ફુટબોલ એકેડમીનો પ્રારંભ

હાલ અમદાવાદ, નવસારી, આણંદ, વિદ્યાનગર સહીતના શહેરોમાં ૩ હજાર ખેલાડીઓને સંસ્થા દ્વારા તાલીમ આપવામાં આવે છે : ગાંધીનગરમાં પણ ૬ વર્ષ ઉપરની વય જુથનાને ફુટબોલની તાલીમ આપવામાં આવશે

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર ખાતે આગામી તા ૨ જુલાઈથી દિવ્યા હોપ ફુટબોલ એકેડમીનો પ્રારંભ થશે. સરગાસણ ચોકડી પાસે ગોલ્ડકોઈનની પાછળ આ એકેડમની શરૂઆત કરવામાં આવશે. હાલ અમદાવાદ, આણંદ ,વિદ્યાનગર અને નવસારી સહીતના શહેરોમાં ફુટબોલ એકેડમીમાં ૩ હજારથી વધુ બાળકો ટ્રેનિંગ લઈ રહયા છે. જયારે આગામી મહીનાના પ્રારંભે ગાંધીનગરમાં પણ ૬ વર્ષથી ઉપરના વયજુથનાને ફુટબોલની તાલીમ આપવા માટે એકેડમીનો શુભારંભ કરવામાં આવશે.

દિયા હોપ ફુટબોલ એકેડમીના સ્થાપક અને ઓસ્ટ્રેલિયાની દિયા ગ્રુપ ઓફ કંપનીઝના નીરવ ત્રિપાઠીએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે હાલ આ એકેડમી દ્વારા નવસારી, અમદાવાદ, આણંદ, વિદ્યાનગર સહીતના શહેરોમાં ૩ હજાર જેટલા ખેલાડીઆને તાલીમ આપવામાં આવી રહી છે. જેમાં ગર્લ્સ પણ જોડાય છે. જયારે ગાંધીનગર ખાતે પણ સૌ પ્રથમવાર આંતરરાષ્ટ્રીય ફુટબોલ એકેડમી શરૂ થશે. જેમાં ૬ વર્ષથી ઉપરના છોકરા-છોકરીઓને તાલીમ આપવામાં આવશે. એડવાન્સ ટેકનોલોજી દ્વારા ગ્રાસ રૂટથી પ્રોફેશનલ લેવલ સુધીની તાલીમ અપાશે. જયારે જે બાળકો સારુ પરફોર્મ કરશે તેમને નિષ્ણાંત કોચ દ્વારા પર્સનલ તાલીમ અપાશે. આ આંતરરાષ્ટ્રીય ફુટબોલ એકેડમીમાં ફુટબોલના કોચિંગ ઉપરાંત ડાયેટિશિયન, ફિઝિયોથેરાપી અને ન્યુટ્રીસનિસ્ટ પણ ઉપલબ્ધ કરવામાં આવશે. દિયા ગ્રૂપના કો ફાઉન્ડર સંગીતા ઉપાધ્યાય ગર્લ્સ ફુટબોલ માટે સક્રીય ભુમિકા ભજવી રહયા છે. જયારે આ એકેડમી દ્વારા ફી માં પણ ૫૦ ટકા રાહત આપવામાં આવી છે. જયારે એકડેમી દ્વારા ફુટબોલ ટુર્નામેન્ટનુ આયોજન કરવામાં આવશે. ફુટબોલ એકેડમી દ્વારા ખેલાડીઓને તાલીમ આપવા માટે બપોરે ૪ થી ૭ દરમિયાન એક બેચની શરૂઆત કરવામાં આવી છે. આ એકેડમીના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે દુનિયાભરમાં જાણીતા ફુટબોલ સ્ટાર અને ફીફા એવોર્ડના વિજેતા જર્યોર્જ વિયા છે. જેઓ હાલ લાઈબેરિયાના પ્રેસિડન્ટ પણ છે.

મુખ્યમંત્રી રૂપાણીનું તેલ અવીવમાં ભવ્ય સ્વાગત

ગાંધીનગર,તા. ૨૭

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ છ દિવસની ઈઝરાયેલ યાત્રાએ પહોંચી ગયું છે. ઈઝરાયેલ પહોંચ્યા બાદ વિજય રૂપાણી અને અન્યોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રતિનિધિમંડળમાં કૃષિ રાજ્યમંત્રી અને રાજ્ય સરકારના જુદા જુદા વિભાગોના અધિકારીઓનો સમાવેશ થાય છે.

બેસણું

શશાંક ત્રિપાઠી (Ex. S.B.I.)ના માતુશ્રી **મુક્તાબેન નરેન્દ્રભાઈ ત્રિપાઠી**નું અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૮/૬/૨૦૧૮ને ગુરૂવારે સવારે ૮ થી ૧૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : શાંતિનગર ફ્લેટ, 'ક' રોડ, S.B.I. વાવોલ શાખાની બાજુમાં, વાવોલ, ગાંધીનગર

LEARN
PHOTOGRAPHY
CINEMATOGRAPHY
1 MONTH BASIC, 3 MONTH ADVANCE COURCE
LEARN ACTING
THEORY + PRATICAL
WELL EQUIPPED STUDIO
AUDIO-VISUAL FACILITIES
Arpan Films
Where Your Dreams Are Fulfilled
B-332-333, Pramukh Arcade, Kudasan, Gandhinagar
Mo. +91 7878101541 | arpanfilms87@gmail.com

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com